# સ્વાઈન ફ્લુના મામલે કોંગ્રેસના તમામ સભ્યો ગૃહમાં મોઢા ઉપર માસ્ક પહેરીને આવ્યા

**ગાંધીનગર,**

ગુજરાતમાં વકરી રહેલા સ્વાઈન ફ્લુની ગંભીરતા સામે સરકારનું ધ્યાન દોરવા માટે આજે વિરોધપક્ષના નેતા સહિત કોંગ્રેસના તમામ સભ્યો વિધાનસભા ગૃહમાં મોઢા ઉપર મેડિકલ માસ્ક પહેરીને આવ્યા હતા. પરંતુ વિધાનસભા ગૃહની કાર્યવાહી શરૂ થાય તે અગાઉ જ અધ્યક્ષ વજુભાઈ વાળાએ કોંગ્રેસના તમામ સભ્યોને ગૃહમાં થઈ રહેલા પ્રદર્શન સંદર્ભે મોઢા પરથી માસ્ક દુર કરવા સુચના આપી હતી. આમ છતાં પણ વિપક્ષના સભ્યો દ્વારા ગૃહમાં પ્રદર્શન ચાલુ રખાતા આરોગ્યમંત્રી નીતિનભાઈ પટેલ દ્વારા પ્રદર્શન કરી રહેલા કોંગ્રેસના સભ્યો જો માસ્ક ન ઉતારે તો તેઓને આજના દિવસ માટે ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવા, ગૃહ અધ્યક્ષ આ મામલે કોઈ નિર્ણય જાહેર કરે તે પહેલાં જ વિપક્ષના સભ્યોએ સ્વાઈન ફ્લુ રોદ સામેનું પ્રદર્શન ચાલુ રાખી ગૃહ ત્યાર કરી ગયા હતા. પરિણામે સત્તાધારી પક્ષ દ્વારા વિપક્ષના સભ્યોને ગૃહની કાર્યવાહીથી અળગા રાખવાની દરખાસ્તનો છેદ ઉડી ગયો હતો.



(તસ્વીર :- જતીન કોઠારી)

## વિપક્ષ વોકઆઉટ કરી જતાં શાસક પક્ષની દરખાસ્તનો છેદ ઉડી ગયો : અધ્યક્ષ વજુભાઈ વાળાએ સત્તાપક્ષની શેહશરમ રાખ્યા વગર તટસ્થ વલણ અપનાવીને સત્તાપક્ષની દરખાસ્ત ફગાવી

વિધાનસભા ગૃહમાં આજે વિપક્ષ કોંગ્રેસના સભ્યોએ પ્રશ્નોત્તરી શરૂ થાય તે પહેલાં સ્વાઈન ફ્લુ રોગચાળાનો પડઘો પાડ્યો હતો અને પોતાના મોઢા ઉપર મેડિકલ માસ્ક પહેરીને સભાગૃહમાં આવ્યા હતા. બરાબર ૧૨ વાગ્યે અધ્યક્ષ વજુભાઈ વાળા ગૃહમાં પ્રવેશ્યા અને વિપક્ષનું દેખીતું પ્રદર્શન જોઈને તરત જ તારીક કરી હતી કે વિધાનસભાના નિયમ અનુસાર સભાગૃહમાં આ રીતે કોઈપણ પ્રકારનું પ્રદર્શન થઈ શકે નહીં અધ્યક્ષની વૉરંવારની ચેતવણી છતાં પણ વિપક્ષે માસ્ક પહેરવા સાથે વિરોધ ચાલુ રાખ્યો હતો.

દરમિયાન આરોગ્યની નીતિનભાઈ પટેલે એવી દરખાસ્ત કરી હતી કે. જો વિપક્ષના સભ્યો માસ્ક ન ઉતારે તો તેમને આજના દિવસની કાર્યવાહીમાંથી દુર કરવા. સત્તાપક્ષનાં દંડક પંકડ દેસાઈએ ટેને ટેકો આપ્યો હતો. આ દરમ્યાન બાદ વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ માસ્ક ઉતારીને એવી રજુઆત કરી હતી કે, રાજ્યમાં સ્વાઈન ફ્લુનો રોગચાળો વધી રહ્યો છે. અને લોકો મરી રહ્યા છે ત્યારે કોંગ્રેસને આનંદ આવતો હશે તેવી ટિપ્પણી મંત્રી નીતિન પટેલ દ્વારા ગઈકાલે તેમના વિભાગની માંગણીઓની ચર્ચાના પ્રત્યુતર દરમિયાન કરવામાં આવી હતી.

તેમણે એમ પણ જણાવ્યું કે, એક તરફ લોકો મરી રહ્યા છે. અને બીજી તરફ સરકાર વિધાનસભામાં તેની કોઈ ચર્ચા કરવા દેતી નથી. અમને ચર્ચાની ખાતરી આપો. અધ્યક્ષે તેમનું ધ્યાન દોર્યું હતું કે, સ્વાઈન ફ્લુ અંગે વિપક્ષના સંકલ્પને તેમણે મંજુરી આપી છે તેમાં ચર્ચા કરજો. અધ્યક્ષે ફરીથી તેમનો માસ્ક દૂર કરવાની ચેતવણી ઉચ્ચારી હતી. અને તેઓ દરખાસ્ત મતદાન ઉપર મુકે તે પહેલાં આખરી ચેતવણી આપતા વિપક્ષના સભ્યો વોકઆઉટ કરી ગયા હતા.

દરમિયાન પ્રશ્નોતરી સમય બાદ રાજ્યકક્ષાના મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ અધ્યક્ષનું ધ્યાન દોર્યું હતું કે, વિપક્ષના સભ્યો માસ્ક દૂર કર્યા ન હતા અને અધ્યક્ષના આદેશનું અવમાન કર્યું હતું તેથી તેમને એકદિવસ માટે સસ્પેન્ડ કરવા જોઈએ. પ્રદિપસિંગ જાડેજાની વાતને ટેકો આપીને આરોગ્યમંત્રીએ કહ્યું કે તેમની દરખાસ્ત હજુ પડતરછે. અધ્યક્ષ વજુભાઈ વાળાએ સત્તાપક્ષની શેહશરમ રાખ્યા વગર તટસ્થ વલણ અપનાવીને આરોગ્યમંત્રીને કહ્યું કે, તમારી દરખાસ્ત શરતી હતી. જો માસ્ક દૂર ન કરે તો અર્થાત જો અને તો ઉપર આધારિત હતી તેથી ટકી શકે તેમ નથી. આ સાંભળી મંત્રી જાડેજાએ કહ્યું કે, તેઓ બીજી દરખાસ્ત રજુ કરેછે. પરંતુ અધ્યક્ષે એમ કરીને આ દરખાસ્ત પણ ફગાવી દીધી હતી. કે એકના એક મુદ્દે બબ્બે દરખાસ્તો હોઈ શકે નહીં અધ્યક્ષે સત્તા પક્ષને એવી પણ સલાહ આપી હતી કે, ભવિષ્યમાં જો અને તો વાળી દરખાસ્ત લાવતા પહેલા વિચાર કરજો.

# કોંગ્રેસના ધારાસભ્યોને સ્વાઈન ફ્લુ થશે તો સરકારની જવાબદારી રહેશે : શંકરસિંહ

## ગૃહમાં માસ્કનું પ્રદર્શન એ ગુજરાત અને દેશની જનતાને સતર્ક કરવાનો અભિગમ

**ગાંધીનગર,**

સમગ્ર દેશમાં સૌથી વધુ ગુજરાતમાં સ્વાઈન ફ્લુનો રોગચાળો વકર્યો છે. સ્વાઈન ફ્લુના મામલે ગૃહમાં મોઢા ઉપર માસ્ક પહેરી પ્રદર્શન યોજવા બાબતે કોઈ રાજકીય નહીં પરંતુ ભાજપ અને કોંગ્રેસને બાજુ ઉપર મુકીને ગુજરાત અને દેશની જનતાને સતર્ક કરવા માટેનો અભિગમ હતો અમે મેડિકલની સલાહ મુજબ માસ્ક પહેરીને આવ્યા હતા. આ સંજોગોમાં કોંગ્રેસના કોઈ ધારાસભ્યોને સ્વાઈન ફ્લુ થશે. તો સરકારની જવાબદારી રહેશે એવું સ્પષ્ટપણે આજે વિપક્ષ નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું.

આજે વિધાનસભા ગૃહમાં વિપક્ષ કોંગ્રેસના સભ્યોએ સ્વાઈન ફ્લુના મામલે મોઢા પર માસ્ક પહેરીને વિરોધ પ્રદર્શિત કરી વોકઆઉટ કર્યો હતો. સભાગૃહની બહાર નીકળ્યા બાદ કોંગ્રેસના સભ્યોએ ગુજરાત બચાવો-ગુજરાતી બચાવો, સ્વાઈન ફ્લુથી ગુજરાત બચાવો તથા આરોગ્યમંત્રી રાજીનામું આપે એવા સુત્રોચ્ચારથી વિધાનસભા લોબીને ગજવી મુકી હતી. વિધાનસભાના પ્રવેશ દ્વારે મહત્વનો પ્રશ્ન સ્વાઈન ફ્લુ અંગેનો હતો. ઘણી વિધાનસભાઓ અને સંસદમાં પણ પ્રશ્નોતરીકાળ રદ કરીને આવો મહત્વનો પ્રશ્ન ચર્ચાય છે.

અમે સરકાર તરફથી ખાતરી માંગી હતી કે તેઓ સ્વાઈન ફ્લુ અટકાવવા સંદર્ભે ગૃહમાં ખાતરી આપે પરંતુ તેમ નહીં કરતા સરકારની આ નીતિ-રીતીના વિરોધમાં અને ચર્ચા અંગે કોઈ બાયેધરી નહી આપતા તેઓએ પ્રશ્નોતરીના સમયકાળ દરમિયાન ગૃહમાંથી વોકઆઉટ કર્યો હતો. આજે લોકો સ્વાઈન ફ્લુમાં મરી રહ્યા છે. અમારો ઉદ્દેશ સરકાર તંત્રને સતર્ક કરે અને લોકો મરતા અટકે તે હતો. આ માટે યુધ્ધના ધોરણે મદદ કરવાનો બદલે ગૃહમાં ટિપ્પણી કરેછે તેના વિરોધમાં ગૃહ ત્યાગ કર્યો છે.

વાઘેલાએ એમ પણ જણાવ્યું કે અગાઉ સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાત પીવાના પાણીની સમસ્યા વકરી રહીછે તેની ચર્ચા સમયે પણ સત્તાપક્ષ તરફથી કોંગ્રેસના લોકો વરસાદ ન થાય તે માટે બાધા રાખી છે તેવા વિધાનો કરીને પોતાની જવાબદારીઓમાંથી છટકવાની કોશિશ કરે છે તેમ છતાં પણ આગામી દિવસોમાં આ મુદ્દે ગૃહમાં અસરકારક રજુઆત માટે અમે કોશિશ કરીશું.




જીએસપીસી અને બ્રિટિશ ગેસ કંપનીએ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં એલ એન જી ક્ષેત્રે કરાર કર્યો હતો તે વેળાની તસવીર. (તસવીર : જતીન કોઠારી)

### સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓને હવે રાહત થશે

# આજે ધોરણ ૧ ૨ સાયન્સમાં અંગ્રેજી ભાષાનુ પેપર રહેશે

## આજે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં સમાજશાસ્ત્રનું છેલ્લુ પેપર : વિદ્યાર્થીઓ છેલ્લીવારના રીવિઝનમાં વ્યસ્ત બન્યા

**અમદાવાદ,**

રાજ્યમાં બોર્ડની પરીક્ષા તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચુકી છે. ત્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ગુરુવારે છેલ્લું પેપર લેવામાં આવશે જેમાં વિદ્યાર્થીઓ સમાજશાસ્ત્રનું પેપર આપશે. જ્યારે બીજી બાજુ ધોરણ ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ ગુરુવારે અંગ્રેજી વિષયનું પેપર આપશે.

ગુરુવારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનાં વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષાનું છેલ્લું પેપર આપવા જઈ રહ્યા છે. જેમાં વિદ્યાર્થીઓ સમાજશાસ્ત્રનું પેપર આપશે. સમાજશાસ્ત્રનું પેપર પ્રમાણમાં સામાન્ય પ્રવાહ માટે અઘરુ માનવામાં આવતું હોવાથી પરીક્ષા પૂરી થતા પહેલા વિદ્યાર્થીઓ છેલ્લીવારના રીવિઝનમાં વ્યસ્ત બની ગયા છે. જ્યારે બીજી બાજુ ધોરણ ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ ગુરુવારે મુખ્ય વિષયોથી હટીને અંગ્રેજી ભાષાનું પેપર આપશે. ધોરણ ૧૨ સાયન્સ -એ વિભાગના વિદ્યાર્થીઓના ત્રણેય મુખ્ય વિષયના પેપર પુરા થઈ ચુક્યા છે. જ્યારે વિભાગ બીના વિદ્યાર્થીઓને જીવવિજ્ઞાનનું પેપર આપવાનું બાકી છે. તો બીજી બાજુ ધોરણ ૧૨ વ્યવસાયલક્ષી પ્રવાહમાં કૃષિ જુથ-એના વિદ્યાર્થીઓએ ડેરી વ્યવસ્થા અને વિસ્તરણ, વાણિજ્ય જૂથ-સીના વિદ્યાર્થીઓ પત્રવ્યવહાર, ગૃવિજ્ઞાન જુથ એમના વિદ્યાર્થીઓ સોશિયલ સ્કીલ્સ અને તાંત્રિક જુથ-ટીના વિદ્યાર્થીઓ ટુલ એન્જિનિયરીંગ ટેકનોલોજીનું પેપર આપશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી ધોરણ-૧૦ બોર્ડની પરીક્ષા પૂર્ણ થઈ ચુકી છે.

પેપર ચકાસણીની પ્રક્રિયા પણ શરૂ થઈ ચુકી છે હવે સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ પણ આવતીકાલે છેલ્લુ પેપર આપ્યા બાદ રાહત અનુભવ કરશે. કારણ કે છેલ્લા કેટલાક દિવસથી વિદ્યાર્થીઓ સતત અભ્યાસમાં વ્યસ્ત હતા. હવે તેમને રાહત થશે. અનેક વિદ્યાર્થીઓ તો પહેલાથી અનેક આયોજન પણ કરી ચુક્યા છે.

# રૂ. ૧૦૦૦ની નકલી નોટો સાથે જમાલપુરમાંથી યુવક પકડાયો

**અમદાવાદ,**

દેશનાં અર્થતંત્રને છિન્નભિન્ન કરવા માટે પાકિસ્તાની જાસુસી સંસ્થા આઈએસઆઈ દ્વારા બાંગ્લાદેશ મારફતે દેશમાં નકલી નોટો ઘુસાડવાના કાવતરાંનો પર્દાફાશ થયો છે ત્યારે શહેર ક્રાઈમ બ્રાન્ચે ગઈકાલે રાત્રે શહેરના જમાલપુર વિસ્તારમાં આવેલા ફૂલબજાર પાસેથી ૧૦૦૦ના દરની ૧૩ નકલી નોટો સાથે એક યુવકને ઝડપી પાડ્યો હતો. ક્રાઈમ બ્રાંચે હાલ યુવકની નકલી નોટો અંગે પૂછપરછ હાથ ધરી છે.

ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચને છેલ્લા ઘણા સમયથી શહેરમાં નકલી નોટો ફરી રહી હોવાની માહિતી મળી રહી હતી. તે દરમ્યાનમાં ગઈકાલે ક્રાઈમ બ્રાન્ચનાં અધિકારીઓને બાતમી મળી હતી કે શહેરના જમાલપુર વિસ્તારના ફુલ બજારમાં એક યુવક નકલી નોટો વટાવવા આવવાનો છે. જેના આધારે ક્રાઈમ બ્રાન્ચે વોચ ગોઠવી હતી તે દરમ્યાનમાં ત્યાં મોહંમદ શાહિદ ઉર્ફે ફૈઝ શેખ (ઉ.વ. ૧૭, રહે. દાણીલીમડા, ઝુબેદા ડુપ્લેક્સ) આવ્યો હતો. અધિકારીઓએ તેને શંકાના આધારે ઉભો રાખ્યો હતો. અને તેની પૂછપરછ કરી હતી. તેમજ અંગઝડતી લેતાં મહંમદ પાસેથી ભારતીય ચલણની ૧૦૦૦ના દરની ૧૩ જેટલી નકલી નોટો મળી આવી હતી. ક્રાઈમ બ્રાન્ચે હાલ યુવકની નકલી નોટો ક્યાંથી લાવ્યો હતો, કોને આપવા જઈ રહ્યો હતો તે અંગે વધુ પૂછપરછ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે શહેરમાં છેલ્લા ઘણા સમયથી નકલી નોટો ફરી રહી હોવાનું ષડયંત્ર ચાલી રહ્યું છે. ત્યારે આજે વધુ એક નકલી નોટો સાથે એક યુવક ઝડપાતાં ક્રાઈમ બ્રાન્ચે વધુ તપાસ હાથ ધરી છે.

# કુટણખાના પર રેડ પાડવા ગયેલી પોલીસ પર હુમલો : બાતમીદારની હત્યા

**અમદાવાદ,**

અમદાવાદને અડીને આવેલા ધોળકા નજીક વટામણ ચોકડી પાસે છેલ્લા ઘણા સમયથી ચાલતા કુટણખાના પર દરોડો પાડવા ગયેલી ધોળકા પોલીસ પર અસામાજીક કરવામાં આવ્યા છે. આ ઘટનાની જાણ થતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ સ્થળ પર પહોંચી ગયા હતા. અને સમગ્ર વિસ્તારમાં બંદોબસ્ત ગોઠવી આરોપીઓને ઝડપી લેવાની કાર્યવાહી શરૂ કરી છે.

આ અંગેની વિગત એવી છે કે તારાપુર-વટામણ ચોકી પાસે આવેલ સર્વોદય હોટલ પાસે છેલ્લા ઘણા સમયથી કુટણખાનું ચાલી રહ્યુ હતુ. સ્થાનિક લોકો દ્વારા આ અંગેની જાણ અવારનવાર ધોળકા પોલીસ તેમજ ઉચ્ચ અધિકારીઓ સામે કરવામાં આવી હતી. જેને ધ્યાનમાં રાખીને ધોળકા પોલીસેને અગાઉથી મળેલી બાતમીને આધારે બાતમીદારને સાથે રાખીને સર્વોદય હોટલ પાસે દરોડો પાડ્યો હતો. સર્વોદય હોટલ પાસે પસાર થઈ રહેલી એક અજાણી મહિલા પર પોલીસને શંકા જતાં પોલીસ તેનો પીછો કર્યો હતો. મહિલાનો પીછો કરતાં ધોળકા પોલીસ તારાપુર વટામણ ચોકડી પાસે રહેલી રહેલા કુટણખાનામાં પહોંચી જતાં સમગ્ર ઘટનાનો પર્દાફાશ થયો હતો. ધોળકા પોલીસે બાતમીદારને સાથે રાખીને દરોડો પાડ્યો હતો. કુટણખાનામાં પહોંચેલી પોલીસ પર તે સમયે હાજર રહેલા અજાણ્યા શખ્સોએ હુમલો કર્યો હતો. એકાએક ધસી આવેલા સશસ્ત્ર ટોળાએ પોલીસ પર હુમલો કરતાં પોલીસના બાતમીદારને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચવા પામી હતી. પરિણામે બાતમીદારનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યુ હતુ. જ્યારે અન્ય એક પોલીસ કોન્સટેબલને ગંભીર ઈજાઓ પહોંચવા પામી હતી. ગઈકાલે તારાપુરા-વટામણ ચોકડી પાસે બનેલો આ બનાવને પગલે ભારે ચકચાર મચી જવા પામી હતી. અસામાજીક તત્ત્વોને જાણે કે પોલીસનો કોઈ ડર જ ન રહ્યો હોય એમ ખુલ્લેઆમ પોલીસ કર્મીઓ પર સશસ્ત્ર હુમલો કરતાં ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા દોડી આવ્યા હતા. તેમજ ભારે નાસભાગ મચી જવા પામી હતી. બાતમીદારનું મોત નિપજતાં તેમજ અન્ય એક પોલીસ કર્મચારીને ગંભીર ઈજાઓ પહોંચતા આરોપીઓ ગભરાઈ ઘટનાસ્થળેથી ફરાર થઈગયા હતા. ગઈકાલે કુટણખાનામાં અજાણ્યા શખ્સોએ પોલીસ પર કરેલા હુમલામાં પોલીસ બાતમદાર બળદેવભાઈ બેલદાનું મોત નીપજ્યુ હતુ.



મિઝોરમ રાજ્યની વિદ્યાર્થિનીઓએ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની મુલાકાત લીધી હતી. (તસવીર : જતીન કોઠારી)

# નિવૃત આચાર્ય પાસેથી લાંચ માંગનાર જુનિ. ક્લાર્ક ઝડપાયો

**ગાંધીનગર,**

શાળાના નિવૃત આચાર્ય પાસે પેન્શન ઓર્ડર પાસ કરાવવા માટે રૂા.૧૪ હજારની માંગણી કરનાર ગાંધીનગર તાલુકા પંચાયત શિક્ષણ શાળાના જુનિ. ક્લાર્કને ગાંધીનગર એસીબીની ટીમે ટ્રેપ ગોઠવીને આજે ઓફીસમાં જ રૂા.૪ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યા છે. જુનિ.ક્લાર્ક સતીષ શાહ વિરૂદ્ધ ગુનો નોંધીને એસીબી પી.આઈ. એસ.કે. ત્રીવેદીએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર નજીકના જામનગરાપુરા પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવી ચુકેલા બળદેવભાઈ નથુરામ પંડ્યા ૩૧ ઓક્ટોબર-૨૦૧૨ના રોજ નિવૃત થયા હતા તેમના પેન્શન માટે એક વર્ષથી પેપર્સ ક્લીયર કરીને મોકલી અપાયા હોવા છતાં કાંઈજ કામગીરી થતી ન હતી પેન્શન ઓર્ડર પાસ કરાવવા માટે ગાંધીગનર બહુમાળી ભવન ખાતે સ્થિત તાલુકા પંચાયત શિક્ષણ શાળામાં જુનિ. ક્લાર્ક તરીકે ફરજ બજાવતા સતીષ એસ. શાહે રૂા.૧૪ હજારની લાંચ માંગી હતી જે પૈકી રૂ.૧૦ હજાર અગાઉ બળદેવભાઈએ આપી દીધા હતા બાકીના ૪ હજાર માટે જુનિ. ક્લાર્ક ઉઘરાણી કરતો હતો દરમ્યાન ગાંધીનગર એસીબી. પી.આઈ. એસ.કે. ત્રિવેદી નિવૃત આચાર્યએ ફરિયાદ આપતા આજે છટકુ ગોઠવી ઓફીસમાં રૂા.૪ હજાર બેતા જુનિ.ક્લાર્ક મનીષ શાહને ઝડપી લેવામાં આવ્યો હતો.

### નવા સત્રથી વિદ્યાર્થીઓ પ્રવેશ મળવી શકશે

# એન્જિનિયરીંગ અભ્યાસક્રમ માટે ૮૦૦૦ બેઠક વધી જશે

## રાજ્યના વિદ્યાર્થીમાં એન્જિનિયરીંગના અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓનો ક્રેઝ વધતા બેઠકો વધારવા માટેની તૈયારી

**અમદાવાદ,**

રાજ્યની એન્જિનિયરીંગ કોલેજોમાં બેઠકો વધારવા માટે એઆઈસીટીઈ દ્વારા મંજુરી આપી દેવામાં આવી છે. જેથી આગામી સત્રથી એન્જિનિયરીંગની બેઠકોમાં વધારો જોવા મળશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્યમાં એન્જિનિયરીંગની ૮૦૦૦ જેટલી બેઠકો વધી હોવાનું જાણવા મળ્યુ છે. રાજ્યના વિદ્યાર્થીઓમાં એન્જિનિયરીંગના અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓનો ક્રેઝ વધી રહ્યો છે. જેના પગલે રાજ્ય સરકાર દ્વારા નવી એન્જીનિયરીંગ કોલેજોની મંજુરી અને કેટલીક કોલેજોમાં બેઠકો વધારવા માટે રાજ્ય સરકાર અને એન્જિનિયરીંગ કોલેજો દ્વારા એઆઈસીટીઈ સમક્ષ અરજી કરવામાં આવી છે. જેને એઆઈસીટીઈની મંજુરી મળી જતા આગામી સત્રથી રાજ્ય એન્જિનિયરીંગ કોલોજોમાં વધારો જોવા મળશે. સુત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ અત્યાર સુધી રાજ્યની એન્જિનિયરીંગ કોલેજોને ૯૦૦૦ બેઠકો વધારવા માટે મંજુરી આપી દેવામાં આવી છે. જો કે પ્રવેશ કાર્યવાહી શરૂ થાય ત્યા સુધી નવી કોલેજોની મંજુરીઓ સહિત વધુ બેઠકો વધે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. જેમાં આગામી શૈક્ષણિક સત્રથી રાજ્યના વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકશે. પરિણામે રાજ્યના વિદ્યાર્થીઓને એન્જિનિયરીંગ અભ્યાસક્રમમાં વધુ પસંદગી અને અવકાશ મળશે આ ઉપરાંત એન્જિનિયરીંગના અભ્યાસ માટે રાજ્ય બહાર જતા વિદ્યાર્થીઓના પ્રમાણમાં પણ ઘટાડો આવશે.એન્જિનિયરિંગની બેઠકો વધવા માટે અન્ય કેટલાક કારણો પર જવાબદાર છે.એકબાજુ વધુને વધુ વિદ્યાર્થીઓ આ અભ્યાસક્રમ માટે આગળ આવી રહ્યા છે. ત્યારે બીજી બાજુ આ ક્ષેત્રના વિદ્યાર્થીઓને ખુબ સારી તક મળે છે તેમ પણ માનનાર નિષ્ણાંતો વધારે છે. વાલીઓ પણ પોતાના બાળકોને આવા અભ્યાસક્રમ માટે જ પ્રેરિત કરે છે. આ તમામ કારણોસર બેઠકો પણ સરકાર વધારી રહી છે.

# ઔદ્યોગિકરણની હાલની નીતિ ચાલુ રહેશે તો મનુષ્યનું આયુષ્ય ઘટી જશે : તેજશ્રીબેન પટેલ

**ગાંધીનગર,**

કોંગ્રેસના વિરગામના શ્રીમતી તેજશ્રીબેન પટેલે આજે વિધાનસભામાં જણાવ્યું હતું કે ભારતના કેમિકલ્સના કુલ ઉત્પાદનમાંથી ૬૫ ટકા ઉત્પાદન એકલા ગુજરાતમાં થાય છે અત્યારે ગુજરાત પ્રદુષણ બોર્ડના નિયમો પ્રમાણે ખરેખર ઉદ્યોગોએ કેમિકલ્સવાળુ પાણી ટ્રીટમેન્ટ આપીને છોડવાનું હોય છે પરંતુ આર્થિક બચત કરવા માટે થઈને આ ઉદ્યોગો આ પ્રદુષિત પાણીને નદી,તળાવ કે કુવા બનાવી ભૂગર્ભમાં ઉતારે છે અને બધા ભૂગર્ભ સ્ત્રોતોને પ્રદુષિત કરવામાં આવે છે.

શ્રીમતી તેજશ્રીબેન પટેલે વિધાનસભામાં વન પર્યાવરણ અને કલાઈમેન્ટચેન્જ વિભાગ ઉપરની માંગણીઓ ઉપરની ચર્ચામાં ભાગ લેતા જણાવ્યું હતું કે હમણા દોઢ મહિના પહેલા નારોલ વિસ્તારમાં એક ઘટના બની હતી એક પાઈપલાઈન લીક થઈ એના કારણે મા અને બે બાળકો ગેસ ગળતરના કારણે મૃત્યુ પામ્યા પોસ્ટમોર્ટમ અહેવાલમાંમાં આવ્યું છે કે ગુંગળામણ થયું હોવાને લીધે મોત થયા છે હજુ દોઢ મહિનાથી વધારે સમય થયો છતાં એફએસએસનો રિપોર્ટ આવ્યો નથી ૨૦૦ કબુતર પણ મૃત્યુ પામ્યા છે.ગુજરાત પ્રદુષણ બોર્ડના સુત્રોના જણાવ્યા પ્રમાણે આ ઘટનાને લીધે એમજી ટેકસાઈલ અંતર્ગત ત્રણ ફેકટરીઓને બંધ કરી દીધી છે એટલે કે સરકારને ખબર તો છે જ કે પ્રદુષણને લીધે આટલા બધા જીવો જોખમમાં મુકાય છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે કેમિલકલયુકત પાણીના લીધે માથાનાવાળ પણ ખરી જાય છે અને ચામડીના રોદો થાય છે આની આજ સરકાર અને આની આજ ઔદ્યોગીકરણની નીતિ ચાલુ રહેશે તો ગુજરાતનો યુવા ૨૫ વર્ષ વૃધ્ધ દેખાશે અને મનુષ્યનું આયુષ્ય ઘટીને ૫૦ વર્ષનું થઈ જશે તેમણે જણાવ્યું હતું કે ચીને પણ જાહેરાત કરી છે કે ૫૮ જેટલા જોખમી કાર્સીનોજેનિક કેમિકલ્સનું ઉત્પાદન કો મટિરિયલ માટે અમને નહીં થવા દઈએ તો આપણી સરકાર ગુજરાતનું જવવું દોજળ શષા માટે બનાવવા માંગે છે.

## સેટેલાઈટમાં ગાડીઓના કાચ તૂટ્યા

**અમદાવાદ,**

શહેરના સેટેલાઈટ વિસ્તારમાં ગઈકાલે મોડીરાત્રે અસામાજીક અને તોફાની તત્ત્વોએ ગાડીઓના કાચ તોડ્યા હોવાનું સુત્રો પાસેથી જાણવા મળી રહ્યુ છે.

જો કે સેટેલાઈટ પોલીસ દ્વારા આ અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. છેલ્લા ઘણા સમયથી શહેરના વિવિધ વિસ્તારમાં ગાડીઓના કાચ તોડતી ટોળકીઓ સક્રિય બની છે.

પરંતુ તેમ છતાં આવા તોફાની તત્ત્વોને પકડવામાં પોલીસને સફળતા મળતી નથી.

# હોર્ન મારીને સાઇડ માંગી રહેલા બસ ડ્રાઇવરને રિક્ષા ચાલકે ધોઇ નાંખ્યો

**ગાંધીનગર,**

અમદવાદાથી મોડાસા તરફ જઈ રહેલી એસ.ટી. બસને આગળ જઈ રહેલી રિક્ષાનો ચાલક હોર્ન મારવા છતાં સાઈડ આપતો ન હતો ચાર પાંચ પાંચ હોર્ન મારવાની બાબતે રિક્ષા ડ્રાઈવર અકળાઈ ગયો હતો અને બસ ઉભી રખાવીને ડ્રાઈવર સાથે ઝપાઝપી કરી કપડા પાડી નાખ્યા હતા અને ગડદાપાટુનો માર માર્યો હતો. ગલુદણ પાસે બનેલી આ ઘટના અંગે બસ ડ્રાઈવરની ફરીયાદને આધારે ડભોડા પોલીસે રીક્ષા ચાલક વિરૂદ્ધ સરકારી કર્મચારીની ફરજમાં રૂકાવટ કરી હુમલાનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

સવારે સાડા નવ વાગ્યાના સુમારે મોડાસા ડેપોની બસને જી.જે.૧૮. વી.૮૫૫૯ અમદાવાદથી મોડાસા રૂટ પર જઈ રહી હતી ગાંધીનગર નજીકના ગબુદણ માર્ગ પર એક રિક્ષા નં.જી.જે.૯. એક્સ ૫૨૨૦નો ડ્રાઈવર બસની આગળ જતો હતો બસ ડ્રાઈવર નાગજીભાઈ વાઘજીભાઈ દેસાઈએ હોર્ન મારીને સાઈડ માંગવા અઢળક પ્રયત્નો કરવા છતાં સાઈડ ન આપતો નહતો એને ગલુદણ પાટીયા પાસે રિક્ષા ડ્રાઈવરે રીક્ષાુભી કરી દઈને બસ સાઈડમાં કરાવી દીધી અને બસ ડ્રાઈવરને બસમાંથી ઉતારીને ધોઈ નાંખ્યો હતો અને કપડા ફાડી નાંખ્યા હતા.